### ખેડૂતોના આંસુ સૂકાયાં નથી ત્યાં હડસેલી દીધા જેવો ઘાટ

# સાબરકાંઠા, અરવલ્લીમાં કમોસમી માવઠાના સર્વેમાં માત્ર ૧.૧૦ ટકા ખેતી પાક નષ્ટ

**પ્રારંભિક સર્વેમાં ૮૮, ૬૫૩ હેક્ટર ખેતી પાક અસરગ્રસ્ત, સહાયપાત્ર માત્ર ૯૮૨ હેક્ટર ખેતી: ગાંધીનગરથી સહાય જાહેર થયા પછી ખેડૂતો સરકાર સામે બાંયો ચઢાવે તેવી સંભાવના**



બાયડ તા.૨૮

કમોસમી માવઠાના મારથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના હજારો ખેડૂતો પાયમાલ થયા છે. ખેડૂત પરિવારોનાં આંસુ સૂકાયાં નથી ત્યાં તંત્ર દ્વારા ગાંધીનગરથી મળેલી સૂચના મુજબ ખેતી પાકને નુક્સાનીનો સર્વે કરવામાં આવ્યો. જેમાં માન્યામાં ન આવે તે રીતે સર્વેમાં આવરી લેવાયેલી પૈકી માત્ર ૧.૧૦ટકા ખેતી પાક નષ્ટ થયો અને સહાયને પાત્ર હોવાનો રાજ્ય સરકારમાં રિપોર્ટ થયો છે. ૧૪ તાલુકામાં થયેલા સર્વેમાં ૮૮,૬૫૩ હેક્ટર ખેતી પાક માવઠાના કારણે અસરગ્રસ્ત થયો હતો પરંતુ જ્યારે સહાય ચૂકવવાની ગાઈડલાઈનનો વિચાર કરવામાં આવ્યો ત્યારે માત્ર ૯૮૨ હેક્ટર જમીનમાં એકમાત્ર તમાકુનો પાક નષ્ટ થયો છે જે સહાયને પાત્ર છે. રાજ્ય સરકાર સહાયની જાહેરાત કરશે ત્યારે જિલ્લાના હજારો ખેડૂતો સરકાર અને વહીવટી તંત્ર સામે બાંયો ચઢાવે તેવી સંભાવના વધી છે.

મળતી જાણકારી અનુસાર ખેતી પાકમાં માવઠાના કારણે નુક્સાન થાય એટલે સર્વે થાય અને પછી ખેડૂતોને આચમનરુપ સહાય આપવામાં આવે. ખેડૂતોનો રોષ સામે આવે અને પછી બધું ઠરીઠામ થઈ જાય છે. વર્તમાન મહિનાના પ્રથમ અને ત્રીજા સપ્તાહમાં જિલ્લાના ખેડૂતો ઉપર માવઠાની આફત ઉતરી આવી. કેટલાક વિસ્તારોમાં અડધા થી દોઢ ઈંચ જેટલો કમોસમી વરસાદ ખાબક્યો અને ખેડૂતોનો તૈયાર પાક પાણીમાં ભીંજાઈ ગયો. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની સાથે રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ આવી સ્થિતિ હતી જેથી તાબડતોબ ગાંધીનગરથી કૃષિ વિભાગને માવઠાથી થયેલા પાક નુક્સાનની વિગતો મેળવી રિપોર્ટ મોકલવા આદેશ કરાયા હતા. તે મુજબ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કમોસમી માવઠાથી ૮૯૦ ગામોના ખેડૂતોના ખેતી પાક માવઠાથી અસરગ્રસ્ત થતાં ૧૮૧ ટીમો મારફતે ગામે ગામ સર્વે થયો અને જે રિપોર્ટ જાહેર થયો નથી પરંતુ વિગતો બહાર આવી છે તે ચોંકાવનારી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા ખેતી વિભાગ દ્વારા સરકારમાં થયેલા રિપોર્ટ મુજબ અરવલ્લી જિલ્લામાં એકપણ ખેડૂત કમોસમી માવઠાથી અસરગ્રસ્ત થયો નથી અને સહાય ચૂકવવા પાત્ર નથી તેવો રિપોર્ટ થયો છે. જ્યારે સાબરકાંઠા જિલ્લામાં ૯૮૨ હેક્ટર જમીનમાં એકમાત્ર તમાકુનો પાક નુક્સાનગ્રસ્ત થયો છે અને તે સહાયપાત્ર હોવાનો સરકારમાં રિપોર્ટ પહોંચ્યો છે. ૧ હેક્ટર દીઠ રુ ૧૩,૫૦૦ની સહાય ચૂકવાય તો ખેડૂતોને રુ ૧,૩૨,૧૭,૦૦૦ની સહાય મળશે તેવું જાણવા મળ્યું છે. જો કે બાગાયત વિભાગમાં કેટલું નુક્સાન થયું છે તેનો રિપોર્ટ હજુ તૈયાર થયો ન હોવાનું બિનસત્તાવાર સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

**કમોસમી માવઠાથી તમાકુના પાકને નુકસાન – ખેતી વિભાગ**

સાબરકાંઠા ખેતી વિભાગે જણાવ્યું કે કમોસમી માવઠાથી થયેલા નુક્સાન અંગે સર્વે કરતાં એકમાત્ર તમાકુના પાકમાં નુક્સાનની વિગત સામે આવી છે. કારણ કે કમોસમી માવઠું વરસે તે અગાઉ તમાકુની કાપણી થઈ હતી અને સામાન્ય ભેજ થાય એટલે પાંદડાં જમીન સાથે ચોંટી જાય અને તેથી તમાકુનો પાક નષ્ટ થયો છે. જિલ્લાના ૪ તાલુકામાં ૯૮૨ હેક્ટર જમીનમાં તમાકુ પાકને નુક્સાન થયું છે જે સહાયપાત્ર છે.

**સરકાર નિયમ બતાવશે, ખેડૂતો અધિકારીઓનો ઉધળો લેશે**

રાજ્ય સરકાર દ્વારા કમોસમી માવઠાથી પાયમાલ ખેડૂતોને સહાય પેકેજ આપવા માટે ગત સપ્તાહથી સર્વેના આદેશ આપ્યા હતા. સાબરકાંઠા જિલ્લામાં ૮૮,૬૫૩ હેક્ટર અસરગ્રસ્ત ખેતીનો સર્વે થયો અને રિપોર્ટ સરકારને મોકલી અપાયો છે. પરંતુ ૩૩ ટકાથી વધુ નુક્સાન હોય તો સહાય ચૂકવવાનો દાદા આલમ વખતનો કાયદો આગળ ધરી સરકાર સહાય ચૂકવશે. ત્યારે આવનારા દિવસોમાં આ મુદ્દે ખેડૂતો અધિકારીઓનો ઉધળો લઈ નાખશે તેવી સ્થિતિ દેખાઈ રહી છે.

**કયા તાલુકામાં તમાકુનો પાક અસરગ્રસ્ત**

| તાલુકો | અસરગ્રસ્ત વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ઈડર | ૭૩ |
| હિંમતનગર | ૧૪૫ |
| પ્રાંતિજ | ૧૧૦ |
| તલોદ | ૫૪ |

**સાબરકાંઠાના ૮ તાલુકામાં કેટલા વાવેતરનો સર્વે**

| તાલુકો | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| વડાલી | ૮૨૫ |
| ખેડબ્રહ્મા | ૮૩૫૦ |
| ઈડર | ૮૦૦ |
| વિજયનગર | ૨૦૦૦ |
| પોશીના | ૨૦૦૦ |
| હિંમતનગર | ૨૦,૪૫૦ |
| તલોદ | ૫૩૫૦ |
| પ્રાંતિજ | ૫૦૦૦ |

**અરવલ્લીમાં સર્વેમાં આવરી લેવાયેલો જમીન વિસ્તાર**

| તાલુકો | પાક | વિસ્તાર(હેક્ટરમાં) |
|---|---|---|
| બાયડ | ઘઉં પિયત, ચણા | ૩૦૪ |
| ભિલોડા | ચણા, રાઈ | ૮૮૦ |
| ધનસુરા | ઘઉં, ચણા, રાઈ | ૭૩૨૨ |
| માલપુર | ઘઉં, ચણા | ૪૮૪૫ |
| મેઘરજ | ઘઉં, ચણા | ૫૭૫૦ |
| મોડાસા | ઘઉં, ચણા | ૮૦૫૭ |

# પાલનપુરમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના સમર્થનમાં ધરણાં યોજવામાં આવ્યા

પાલનપુર તા.૨૮

પાલનપુરના જુનાગંજ બજાર ખાતે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રાહુલ ગાંધી ને સાંસદ પદે થી દુર કરવાના વિરોધમાં પ્રતીક ધરણાં યોજવા માં આવ્યા હતા. જેમાં પોલીસ દ્વારા ધરણાં યોજી રહેલ કોંગ્રેસ ના આગેવાનો અને કાર્યકરો ની અટકાયત કરી તેમને પોલીસ હેડ ક્વાર્ટર લઈ જવા માં આવ્યા હતા બાદ માં તેમને મુક્ત કરાયા હતા.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુરનો અહેવાલ જણાવે છે કે,સુરત કોર્ટે કોંગ્રેસના નેતા અને સાંસદ રાહુલ ગાંધીને માનહાની કેસમાં સજા ફટકારતા તેમને સાંસદ પદે થી દુર કરવામાં આવતા કોંગ્રેસમાં નારાજગી છવાઈ છે. અને રાહુલ ગાંધીના સમર્થનમાં સંકલ્પ સત્યાગ્રહ શરુ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ના અધ્યક્ષ સ્થાને પાલનપુર ના જુનાગંજ બજારમાં સરદાર પટેલ ની પ્રતિમા પાસે પ્રતીક ધરણાં યોજવામાં આવ્યા હતા. જોકે પૂર્વ પોલીસની ટીમે ધરણાં યોજી રહેલા જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ વાઘેલા, ધારાસભ્ય ગેનીબેન ઠાકોર સહિત ૭૦ થી વધુ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોને અટકાયત કરી તેમને પોલીસ વાન મારફતે પોલીસ હેડ ક્વાર્ટર લઈ જવામાં આવ્યા હતા.



બાદમાં તેમને મુક્ત કરાયા હતા જોકે ધરણાં યોજતા આગેવાનો અને કાર્યકરો ની અટકાયત પ્રકિયાને કોંગ્રેસના આગેવાનોએ તાના શાહી ગણાવી હતી.

### અરવલ્લી : SP સંજય ખરાત પોલીસ કાફલા સાથે

# મોડાસા સબજેલમાં વહેલી સવારે બોડીવોર્ન કેમેરા સાથે ત્રાટકી સર્ચ ઓપરેશન હાથ ધર્યું

**મોડાસા સબજેલના ખૂણેખૂણાં ફંફોસી માર્યો, પ્રતિબંધિત ચીજવસ્તુઓ ન મળતા જેલ સત્તાધીશોનો હાશકારો**

મોડાસા, તા. ૨૮

ગુજરાત ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના આદેશ પછી રાજ્યની વિવિધ જેલોમાં સર્ચ ઓપરેશન હાથધરાયું હતું અરવલ્લી એસપી સંજય ખરાતની ઉપસ્થિતિમાં મોડાસા સબજેલમાં સર્ચ ઓપરેશન હાથધરવામાં આવ્યું હતું આ કાર્યવાહીમાં ડીવાયએસપી કે.જે.ચૌધરી, એલસીબી, એસઓજી, પેરોલ ફર્લો અને મોડાસા ટાઉન પોલીસની ટિમો જોડાઈ હતી મોડાસા ટાઉન પોલીસે બોડીવોર્ન કેમેરા સાથે જેલના તમામ બેરેકમાં બારીકાઈથી ચેકીંગ હાથ ધર્યું હતો. મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી સબજેલમાં સવારે ૭ વાગ્યાના સુમારે જીલ્લા પોલીસવડા સંજય ખરાત કોઈ પણ પ્રકારની જેલ પ્રશાસનને પૂર્વ સૂચના આપ્યા વગર પોલીસ કાફલા સાથે પહોંચ્યા હતા અને




જેલ અધિક્ષક જે.જી.ચાવડાની હાજરીમાં કેદીઓની રહેણાંક બેરેક,ટોયલેટ, બાથરૂમ અને કંપાઉન્ડ સહીત દરેક જગ્યાએ બોડીવોર્ન કેમેરા સાથે પોલીસકર્મીઓએ સઘન ચેકીંગ હાથધર્યું હતું સમગ્ર જેલમાં એક કલાકથી વધુ સમય ચાલેલા સર્ચ ઓપરેશાનમાં પ્રતિબંધિત ચીજવસ્તુઓ મળી ન આવતા જેલ સત્તાધીશોએ હાશકારો અનુભવ્યો હતો મોડાસા સબજેલમાં વહેલી સવારે પોલીસ વાહનો એક સાથે પહોંચતા રોડ પરથી પસાર થતા રાહદારીઓ પણ આશ્ચર્યચકીત બન્યા હતા.





### તલોદ કુમાર શાળામાં વાર્ષિકોત્સવ ઉજવાયો

તલોદ નગરની મધ્યમાં આવેલી કુમારશાળાની અંદર વાર્ષિકોત્સવ તથા ધોરણ આઠમાંથી વિદાય રહી રહેલા વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ વાર્ષિકોત્સવ ની અંદર શાળાના બાળકોએ ૪૦ જેટલી કૃતિઓરજૂ કરી પોતાની કળા અને કૌશલ્ય નું પ્રદર્શન કર્યું હતું આ રંગારંગ કાર્યક્રમની અંદર શાળાના તમામ શિક્ષક મિત્રો વાલી મિત્રો એસએમસી સભ્યોનો સહકાર પ્રાપ્ત થયો હતો શાળાના આચાર્યશ્રી બીપીનભાઈ ગોસ્વામી એ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જહેમત ઉઠાવી હતી ધોરણ આઠમાંથી વિદાય રહી રહેલા વિદ્યાર્થીઓએ વિદાય ગીત ગઈ પોતાના સંસ્મરણો યાદ કર્યા હતા

# ડીસાના સમશેરપુરા નજીક રસ્તે ચાલવા બાબતે મારામારી: રિક્ષામાં તોડફોડ કરવા મામલે સાત સામે ફરિયાદ

ડીસા, તા. ૨૮

ડીસા તાલુકાના સમશેરપુરા ગામ પાસે રસ્તે ચાલવા બાબતે રીક્ષા ચાલક સાથે બોલાચાલી બાદ મારામારીની ઘટના સામે આવી છે. જે મામલે કુલ સાત લોકો સામે ફરિયાદ નોંધાવા પામી છે. ડીસા તાલુકાના આખોલ ગામે રહેતા રોહિતસિંહ ઠાકોર અને કાંકરેજ તાલુકાના બુકોલી ગામે રહેતા રાહુલ ઠાકોર રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે.ગત રાત્રીએ ૧૧ વાગ્યા આ બન્ને રીક્ષા લઈ સમશેરપુરા ગામે વડલા નજીક ઉભા હતા. તે સમયે બન્ને વચ્ચે રસ્તા બાબતે બોલાચાલી થઈ હતી અને બાદમાં ઉશ્કેરાઈ જતા ટોમી વડે હુમલો કરી ગડદા પાટુનો માર મારી સામસામે મારામારી કરી હતી તેમજ રિક્ષામાં પણ તોડફોડ કરી હતી. બનાવના પગલે આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને મારામારી કરતા બન્ને પક્ષના લોકોને છોડાવ્યા હતા. બાદમાં ઈજાગ્રસ્તો ડીસા તાલુકા પોલીસ મથકે પહોંચ્યા હતા જ્યાં બન્ને પક્ષ દ્વારા સામ સામે ફરિયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજ ખાતે જાતિ વિષયક ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા પોલીસ ફરીયાદ થઈ

**પિતા-પુત્ર સહિત અન્ય ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઇ : ખેતરમાં ધુસી વાવેલ આંબાના ઝાડ કાપતા હોય ના પાડતા મા-બેન સામી બિભત્સ ગાળો બોલી : અપમાનિત શબ્દોબોલી ખેતર ખાલી કરી નાખજો નહી તો આંબા કાપ્યા છે ગરદન પણ કાપી નાખીશુ : પ્રાંતિજ પોલીસે જાતી વિષયક ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી**

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે જમીન બાબતે વિવાદ ચાલતો હોઈ જેની અદાવત રાખી ખેતરમા પ્રવેશ કરી આંબાના ઝાડ કાપવાજતા ના પાડતા મા-બેન સામે ગાળો-બોલી જાતિ વિષયક અપમાનિત શબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા પિતા-પુત્ર સહિત અન્ય ત્રણ ઈસમો વિરૂધ્ધ જાહેરનામા નો ભંગ સહિત જાતિ વિષયક ગાળો બોલતા પોલીસ ફરિયાદ થઈ. પ્રાંતિજ ખાતે રહેતા જીગર અરવિંદભાઈ શાહ (અનુસુચિત જાતિ) કે જેવોને જુની જમીન બાબત ની અદાવત રાખીને હેમીંગભાઈ પટેલ તથા તેવોના પિતા નટવરભાઈ પટેલ તથા અન્ય ત્રણ ઈસમો કે પોતાનો સમાન ઈરાદો પાર પાડવા હાથમા ધારીયા જેવા હથિયારો ધારણ કરી એક સંપ થઈ આવી જીગર ભાઈ શાહ ના ખેતરમા ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી ખેતરમાં વાવેલ આંબાના ઝાડ કાપતા હોય જીગર ભાઈ શાહે ઝાડ કાપવાની ના પાડતા હેમીંગભાઈ નટવરભાઈ પટેલ, નટવરભાઈ ચીમનભાઈ પટેલ તથા આવેલ અન્ય ત્રણ ઈસમો દ્વારા જીગર શાહ ને મા-બેન સામી ગાળો બોલી જાતિવિષયક અપમાનિત શબ્દો બોલી ખેતર ખાલી કરી નાખશો નહી તો અજે આંબા કાપ્યા છે તે રીતે તમારી ગરદન પણ કાપી નાખીશુ તથા જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આંબા ના ઝાડ કાપી નુકશાન કરી જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ ના જાહેર નામાનો ભંગ કરતા જાતિવિષયક બિભત્સ ગાળો બોલી અપમાનિત કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા જીગર અરવિંદભાઈ શાહ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા હેમીંગભાઈ નટવરભાઈ પટેલ તથા તેના પિતા નટવરભાઈ ચીમનભાઈ પટેલ બન્ને રહે જુની આઈસ ફેકટરી પ્રાંતિજ ગામ પ્રાંતિજ જિ.સાબરકાંઠા તથા બીજા ત્રણ અજાણ્યા માણસો સહિત કુલ-પાંચ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૧૪૩,૧૪૭ ૧૪૮,૧૪૯, ૫૦૪ ,૫૦૬(૨) ૪૪૭, ૪૨૭ તથા અનુસુચિત જાતી અને અનુ. જન જાતી પ્રતિબંધ અધિનિયમ ૩(એ)(જી), ૩ (૧) (આર), ૩(૧)(એસ), ૩ (૨)(વીએ) તથા જીપીએસ ૧૩૫ મુજબ ગુનોનોધી આગળની તપાસ હાથધરી હતી.

# આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગદળ દ્વારા શ્રી રામ જન્મોત્સવ પ્રસંગે ધાનેરામાં ભવ્ય શોભાયાત્રા...

**ગામોમાંથી મોટી સંખ્યામાં હિન્દુ ધર્મ પ્રેમી જનતાને અને સાધુ સંતોને પધારવા નિમંત્રણ**



ધાનેરા તા.૨૮

ભગવાન શ્રી રામના જન્મોત્સવ રામનવમી એ ગુજરાત ભરમાં ઠેર- ઠેર રથયાત્રા નીકાળી શ્રી રામ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત બનાસકાંઠા નાં ધાનેરા ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગદળ દ્વારા ચૈત્ર સુદ -૯ (રામનવમી) ગુરૂવારના રોજ આરાધ્ય ભગવાનશ્રી રામચંદ્રજીના પ્રાગટ્ય દિને શ્રી રામ જન્મોત્સવ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા નું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી .પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે, રામલલાની ભવ્ય શોભાયાત્રા માં ધાનેરા તાલુકાના ગામોમાંથી મોટી સંખ્યામાં હિન્દુ ધર્મ પ્રેમી જનતાને અને સાધુ સંતોને પધારવા માટે કાર્યકરો દ્વારા ગામે ગામ રૂબરૂ મળી નિમંત્રણ પાઠવાયું છે .

શોભાયાત્રા નો રૂટ ૯:૩૦ કલાકે ઠાકુરજી મંદિરથી પ્રસ્થાન કરી આશાપુરા મંદિર અંબાજી મંદિર નગરપાલિકા ચોક થઈ જુના બસ સ્ટેન્ડ દેવદર્શન શોપિંગ થઈ લાલચોક તાલુકા પંચાયત પાસે પુર્ણાહુતી કરાશે રામ જન્મોત્સવ ઉજવણી પ્રસંગે ભવ્ય શોભાયાત્રા માં ધાનેરા નગર તેમજ તાલુકા માંથી મોટી સંખ્યામાં હિન્દુ ધર્મ પ્રેમી જનતાને અને સાધુ સંતોને પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ધડકણ ગામે પૈસાની લેતી દેતીને લઈને સામસામે પોલીસ ફરિયાદ થઈ

**સામસામે ગાળો બોલી માર મારતા સામસામે પોલીસ ફરિયાદ થઇ: પ્રાંતિજ પોલીસે સામ-સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી**

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ધડકણ ગામે ઉછીના પૈસા આપેલ લેતીદેતી ને લઈ ને સામસામે બોલાચાલી બાદ એકબીજાને મારમારતા સામસામે પોલીસ ફરિયાદ થઇ

પ્રાંતિજ ના ધડકણ ખાતે રહેતા દિનેશભાઇ મોહનભાઇ પટેલ દ્વારા ત્રણવર્ષ અગાઉ ગામમાજ રહેતા તેવોના મિત્ર પોપટભાઇ હીરાભાઈ પટેલ ને પૈસાની જરૂર હોય દિનેશભાઇ પટેલ દ્વારા કુંટુંબી ભાઈ અજીતભાઈ શનાભાઈ પટેલ પાસેથી ઉછીના લઈ ને પોપટભાઇ હીરાભાઈ પટેલ ને ૧,૯૦,૦૦૦ રોકડા આપ્યા હતા અને ટાઈમ પુરો થતા પૈસાની ઉધરાણી ભત્રીજો સુજલભાઈ સંજય ભાઈ પટેલ કરતા દિનેશભાઈએ ઉધરાણી સીધી પોપટભાઇ હીરાભાઈ પટેલ પાસે કરવી કહેતા ૨૬।૩।૨૩ ના રોજ ઉધરાણી ડાયરેક પોપટભાઇ હીરાભાઈ પટેલ પાસે ઉધરાણી કરવા તેવોએ જણાવ્યુ કે મે દિનેશભાઇ ને ટુકડે ટુકડે પૈસા આપી દીધેલ છે ત્યારે દિનેશભાઈએ પુછ્યુ કે તમે મને કયારે આપેલ છે ત્યારબાદ પોપટભાઇ હીરાભાઈ પટેલ તથા તેમના પત્ની શિલ્પાબેન બિભત્સ ગાળો બોલવા લાગેલ જેથી દિનેશભાઇ એ ગાળોબોલવાની ના કહેતા પોપટભાઇ તથા તેમના પત્ની એકદમ ઉશ્કેરાઈ જઈ શરીરે ગડદાપાટુ નો મારમારતા જેથી દિનેશભાઇ ના ભત્રીજાઓ ધવલભાઈ મનોજભાઇ પટેલ તથા સુજલભાઇ સંજય ભાઈ પટેલ બન્ને વચ્ચે પડતા પોપટભાઇ તથા શિલ્પાબેન દ્વારા ધવલભાઈ તથા સુજલભાઇ બન્ને સાથે પણ મારામારી કરવા લાગેલ જેથી આજુબાજુના લોકો દીડી આવ્યા હતા અને છોડાવ્યા હતા અને પોપટભાઇ તથા તેમના પત્ની શિલ્પાબેન જતા જતા કહેતા ગયા હતા કે ફરીથી પૈસાની ઉધરાણી કરશોતો તમને જાનથી મારી નાખીશુ જેથી દિનેશભાઇ મોહનભાઇ પટેલ રહે. ધડકણ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ પ્રાંતિજ પોલીસે પોપટભાઇ હીરાભાઈ પટેલ તથા તેમની પત્ની શિલ્પાબેન પોપટભાઇ પટેલ બન્ને.રહે ધડકણ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા વિરૂધ્ધ ગુનોનોંધી તપાસ હાથધરી હતી તો બીજીતરફ સામે શિલ્પાબેન પોપટભાઇ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે દિનેશભાઇ મોહનભાઇ પટેલ , ધવલભાઈ મનુભાઇ પટેલ , સુજલભાઇ સંજય ભાઈ પટેલ વિરૂધ્ધ ગુનોનોંધયો હતો જેમા દિનેશભાઇ મોહનભાઇ પટેલે હાથ ઉછીના આપેલ પૈસા બાબતે શિલ્પાબેન ના પતિ પોપટભાઇ હીરાભાઈ પટેલ નાઓને બિભત્સ ગાળો બોલી શરીરે મારમારી તથા દિનેશભાઇ પટેલ નુ ઉપરાણુ લઈ આવી ને ધવલભાઈ મનુભાઇ પટેલ તથા સુજલભાઇ સંજય ભાઈ પટેલ શિલ્પાબેન ને તથા તેવોના પતિ પોપટભાઇ હીરાભાઈ પટેલ ને શરીરે ગડદાપાટુ નો મારમારી તેમજ લાકડીઓ વડે મારમારી બિભત્સ ગાળોબોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા શિલ્પાબેન પોપટભાઇ પટેલ દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે દિનેશભાઇ મોહનભાઇ પટેલ ,ધવલભાઈ મનુભાઇ પટેલ સુજલભાઇ સંજય ભાઈ પટેલ ત્રણેય રહે ધડકણ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા વિરૂધ્ધ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી હતી.